ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૨ ટકા
ગાંધીનગર તાપમાન

# ટાટા ચોકડી પાસે ફંટી કાર સળગી ઉઠી

**સે-૨૬માં રહેતા કાર ચાલક કાર લઈને ક-૬ થી નીકળ્યા ત્યારે અચાનક ગરમીમાં કારે આગ પકડી : કોઈ જાનહાની નહી : ફાયરબ્રિગેડે આગ કાબુમાં લીધી**

ગાંધીનગર, તા.૨૦

શહેરના ક-માર્ગ પરથી પસાર થઈ રહેલી મારૂતી ફંટી કાર ક-૬ સર્કલ ટાટા ચોકડી પાસે પહોંચી ત્યારે ગરમીમાં અચાનક શોર્ટ સર્કીટ કે અન્ય કારણોસર કારે આગ પકડી લેતા સળગી ઉઠી હતી. કાર ચાલક તાત્કાલિક બ્રેક લગાવીને કારમાંથી બહાર કુદી પડતા તેમને પણ કોઈ ઈજા થવા પામી નથી. ગાંધીનગર ફાયરબ્રિગેડને આગ કોલ મળતા સ્થળ પર ટીમ પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.





મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા સંજયભાઈ ડાભી તેમની જીજે ૧ એચ.જે. ૫૩૭૦ નંબરની મારૂતી ફંટી કાર લઈને ક માર્ગ પરથી જઈ રહ્યા હતા ત્યારે સમી સાંજે ક-૬ સર્કલ (ટાટા ચોકડી) પાસે કાર પહોંચી અને અચાનક કોઈ કારણોસર ચાલુ કારમાંથી ધુમાડા નીકળવા લાગ્યા અને આગ ભભુકી ઉઠી હતી. સમયસુચકતા દાખવીને સંજયભાઈએ કાર ઉભી કરી દઈ તાત્કાલીક બહાર નીકળી ગયા હતા અને ફાયરબ્રિગેડને કોલ કર્યો હતો. રસ્તા વચ્ચે સળગતી કારથી નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ તાબડતોબ સ્થળ પર આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ આગ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. ગરમીમાં ટેમ્પરેચર પકડવાથી કે શોર્ટ સર્કીટથી આગ લાગી હોવાની શકયતા છે જો કે આગનું ચોકકસ કારણ બહાર આવી શકયું નથી.

# હત્યા કરીને કેનાલમાં ફેંકી દેવાયેલી યુવતીની હજુ ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા.૨૦

આશરે ૨૫ વર્ષની અજાણી યુવતીને છરી તથા ડીસમીસ જેવા હથિયારના ૧૪ જેટલા ઘા ઝીંકીને તેની કરપીણ હત્યા કરી જમીયતપુરા નર્મદા કેનાલમાં ફેંકી હત્યારા ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં હજુ મૃતક યુવતીની ઓળખ થઈ શકી નથી. પોલિસે ત્રણ ટીમો બનાવી ઈન્વેસ્ટીગેશન તેજ બનાવ્યું છે તો બીજી તરફ આ હત્યા પાછળ એકથી વધુ હત્યારાઓનો હાથ હોવાની શકયતા પણ પ્રબળ બની છે. પોલીસે મૃતકની ઓળખ વિધી માટે તથા હત્યારા સુધી પહોંચવા પગેરું મેળવવા આસપાસના ગ્રામજનોના નિવેદનો લેવાનું શરુ કર્યું છે.

**ઈન્વેસ્ટીગેશન માટે ત્રણ ટીમો બનાવાઈ : છરી અને ડીસમીસ જેવા હથિયારથી ઘા ઝીંકયા હોવાના નિશાન મળતાં યુવતીની હત્યા પાછળ એકથી વધુ વ્યકિતઓના હાથ હોવાની શકયતા**

જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ગઈ કાલે આશરે ૨૫ વર્ષની યુવતીની કરપીણ હત્યા કરીને ફેંકી દેવાયેલી લાશ મળી આવી હતી. તેના શરીર પર છરી જેવા તિક્ષ્ણ હથિયારના ૧૪ જેટલા ઘા હતા. તે ઉપરાંત હોઠની નીચેના ભાગે ડીસમીસ જેવા હથિયારથી ઘા ઝીંકાયો હોવાના પણ નિશાન મળી આવ્યા છે. અલગ અલગ હથિયારોથી થયેલી હત્યાને કારણે એકથી વધુ હત્યારા આ હત્યા પાછળ હોવાની શંકા પ્રબળ બની છે. મૃતક યુવતીની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. તેની ઓળખ થાય ત્યાર બાદ હત્યારા સુધી પહોંચવામાં પોલિસને વધુ સમય લાગશે નહી તેવું મનાઈ રહ્યું છે. તપાસ માટે ત્રણ ત્રણ ટીમો બનાવી પોલિસ અલગ અલગ દિશામાં તપાસ કરી રહી છે. એક ટીમ મૃતકની ઓળખ માટે, બીજી ટીમ સીસીટીવી ચેકીંગ અને લોકલ ઈન્ફર્મેશન બહાર લાવવા માટે અને ત્રીજી ટીમ આસપાસના ગ્રામજનોએ કંઈ જોયું છે? કે યુવતી આસપાસના ગામમાંથી કયાંયથી ગુમ થઈ છે? તે અંગે તપાસ કરી નિવેદનો લેવા દોડધામ કરી રહી છે. જો કે હજુ સુધી હત્યારા સુધી પહોંચવા કે મૃતકની ઓળખ કરવામાં પોલિસને સફળતા મળી શકી નથી.

# સેકટર-૭ માં જોખમી ખાડા કરી તંત્ર ૨૦ દિવસથી ગાયબ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ બી પોલીસ સ્ટેશન પાછળના ભાગે આવેલ રહેણાંક વિસ્તારમાં છેલ્લા ૨૦ દિવસથી તંત્રના કર્મચારીઓ દ્વારા ખાડા ખોદીને ગાયબ થઈ ગયા છે. આ વિસ્તારની લાઈટો બંધ રહેતા વિજપોલના રીપેરીંગ માટે ખાડા ખોદવામાં આવ્યા છે. પરંતુ વિજપોલનું રીપેરીંગ કામ પણ હાથ ધરાયું નથી. ત્યારે ઘર પાસેના ખાડા બાળકો માટે જોખમી બની શકે છે. તો તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે વિજપોલનું વાઈરીંગનુ કામ પુરું કરીને ખાડા પુરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની લાગણી અને માંગણી છે.



ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી લાઈટની સમસ્યાથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. શહેરના સેકટરના આંતરીક માર્ગ પરના વિજપોલ બંધ રહેતા સમગ્ર વિસ્તારમાં અંધકાર ફેલાઈ જાય છે. ઉનાળાની સિઝનમાં બાળકો મોડીરાત સુધી વિજપોલની લાઈટના અજવાળામાં વિવિધ રમતો રમતા હોય છે. પરંતુ અંધકાર હોવાથી બાળક ઘરની બહાર પણ નીકળી શકતુ નથી. તો બીજી તરફ રાત્રીના સુમારે ચોરીનો ભય નાગરીકોને સતાવી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસથી લાઈટ શરુ કરવા માટે તંત્રના કર્મચારીઓ દ્વારા ખાડા ખોદવામાં આવ્યા છે. પરંતુ લાઈટ શરુ પણ થઈ નથી અને ઉંડા ખાડા કરીને કર્મચારીઓ ગાયબ થઈ ગયા છે. જે આજદિન સુધી પરત આવ્યા નથી તેવું રહીશોનું કહેવું છે. સેકટર-૭ બી અરિહંત દુકાન પાછળના ભાગે આવેલ રહેણાંક વિસ્તારમાં અંધકાર દુર થાય અને ઝડપી લાઈટના અજવાળા પથરાય તેની કાગડોળે નાગરીકો રાહ જોઈ રહ્યા છે.

# ભારત વિકાસ પરિષદ દ્વારા શ્રમિકોને છાશનું વિતરણ

ગાંધીનગર, તા.૨૦

ઉનાળાની કાળઝાળ ગરમીમાં માનવીના સ્વાસ્થય માટે છાશ અમૃત સમાન માનવામાં આવે છે. ત્યારે ભારત વિકાસ પરિષદ દ્વારા છેલ્લા અઠવાડીયાથી મસાલા ઠંડી છાશનું વિતરણ કરવામાં આવે છે. શહેરના સેકટરોમાં ચાલી રહેલી વિવિધ બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોને પરિષદ દ્વારા મસાલા ઠંડી છાશના પાઉચ આપવામાં આવ્યા હતા. જયારે નગરમાં પડી રહેલી અંગ દઝાડતી ગરમીમાં ઠંડી છાશ મળતા શ્રમિકોએ આનંદનો ઓડકાર લીધો હતો.

શહેરની સેવાકીય સંસ્થા ભારત વિકાસ પરિષદ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાકાર્યો કરવામાં આવે છે. જે અંતર્ગત ગત્ તા.૧૫ મે ને સોમવારના રોજ થી પરિષદના સભ્યો દ્વારા રોજના ૨૦૦ થી વધુ મસાલા ઠંડી છાશના પાઉચનું વિતરણ કરવામાં આવે છે.



દરરોજ બપોરના ૧૨ કલાકના અરસામાં શહેરમાં કાર્યરત બાંધકામની સાઈટ પર જઈને કામ કરતા શ્રમિકોને ઠંડી છાશ આપવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. શહેરમાં કાર્યરત સેકટર-૭, ૨૯, ૩૦, ૨૫ સહિતની જગ્યાએ છાશ વિતરણ કરાયું છે. આગામી સમયમાં પણ વિવિધ સ્થળો પર જઈને શ્રમિકોને પરિષદના સભ્યો દ્વારા છાશ આપવાનું સેવાકાર્ય ચાલુ રહેશે તેમ પ્રમુખ ચંદ્રકાંત રાવલે જણાવ્યું છે.

# સરગાસણમાંથી ચોરાયેલી ભેંસ અડાલજમાંથી મળી આવી

ગાંધીનગર, તા.૨૦

સરગાસણમાં રાણાવાસમાંથી તબેલામાં ઘુસી એક ભેંસની ચોરીની ઘટના પોલિસ ચોપડે નોંધાવા પામી હતી. ઈન્ફોસીટી પોલિસે ગુના અંગે તપાસ શરુ કરતા અડાલજમાંથી આ ચોરાયેલી ભેંસ મળી આવી છે. જે પશુપાલકની ભેંસ ચોરાઈ હતી તે ભેંસ તેણે ઓળખી બતાવી છે. જો કે ચોરી કરનાર શંકાસ્પદ પશુચોર ફરાર છે. ઈન્ફોસીટી પોલિસે તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

સરગાસણના રાણાવાસમાં રહેતા પશુપાલક ગજેન્દ્રસિંહ છત્રસિંહ રાણાના તબેલામાં ત્રણ ભેંસો બાંધેલી હતી. દરમિયાન ૧૭મેથી ૧૮મે દરમિયાન રાત્રીના અરસામાં તબેલામાં કોઈ પશુચોર ઘુસ્યો હતો અને રૂ.૫૫ હજારની કિંમતની એક ભેંસ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. પશુપાલક ગજેન્દ્રસિંહે ફરિયાદ કરતા ઈન્ફોસીટી પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી. ગજેન્દ્રસિંહને સાથે રાખીને તપાસ ચાલી રહી હતી દરમિયાન માહિતીને આધારે અડાલજ ટીમ પહોંચી હતી. અને એક અવાવરૂ જગ્યામાંથી આ ચોરાયેલી ભેંસ મળી આવી હતી. ખુંટે બાંધી દીધેલી આ ચોરાયેલી ભેંસ ગજેન્દ્રસિંહે ઓળખી બતાવી હતી. અડાલજનો શકમંદ પશુચોર ટીનાજી ઠાકોર હજુ ફરાર છે. તેને શોધી કાઢવા ઈન્ફોસીટી પોલિસે તજવીજ શરુ કરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**કુંપલ મયુર દવે**
પ્રમુખ
ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ

**ગાંધીનગર ગમે**

મન હરી લેતી સુંદરતા, મન હળવું કરી દેતી મોકળાશ અને ભરચક્ક હરિયાળીને કારણે આ શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી, ઉત્સવપ્રેમી, સેવાભાવી અને પરસ્પર સહાયભૂત થનારા નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં અનેક પ્રકારની સંસ્થાઓ, વ્યક્તિઓ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. અહીં થતી સેવા અને કલાની પ્રવૃત્તિઓ સૌથી વધુ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, જાહેર શિસ્ત અને યુવાઓને સમાજલક્ષી કાર્યોમાં જોડવા માટેના આયોજન, પ્રયાસોની આવશ્યકતા જણાય છે.

**નગર માટે હું કરી શકું**

સેવા, વ્યક્તિવિકાસનાં કાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય પૂરી પાડવા હું તૈયાર છું.

# સે-૪-સીનો જોખમી ખાડો ચોમાસા પહેલા પુરાશે??

**ચોમાસાનું પાણી ભરાતા રોગજન્ય જીવ-જંતુનો ઉપદ્રવ વધે છે : અનેકવાર રજૂઆતો છતાં હજુ પુરાણ કરાયું નથી**





ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૪-સીમાં 'ખ' રોડને અડીને આવેલો મોટો ખાડો ઘણા સમયથી વસાહતીઓના માથાનો દુઃખાવો બન્યો છે. માનવસર્જીત આ ખાડાને કારણે તેમાં બાળકો રમતાં રમતાં પડી જવાનું જોખમ તો છે જ પરંતુ ચોમાસામાં પાણી ભરવાથી માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી જતો હોવાથી વસાહતીના આરોગ્ય માટે ખતરારૂપ બની જાય છે. આ ખાડાને પુરી દેવા વસાહતીઓ દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતાં હજુ તંત્ર દ્વારા તે બાબતે આંખ આડા કાન કરાઈ રહ્યાં છે.

**અગાઉ આ ખાડો એકનો ભોગ લઈ ચુકયો છે**

વરસાદી મોસમમાં પાણી ભરાયેલી સ્થિતિમાં આ માનવસર્જિત ખાડો એક કિશોરનો ભોગ લઈ ચુકયો છે. આ કારણે ચોમાસું બેસે તે પહેલા આ ખાડો પુરવામાં આવે તે જરુરી બન્યુ છે. વરસાદી પાણી ભરાતા આસપાસ ઝાડી ઝાંખરા સહિત વિવિધ વનસ્પતિ ઉગી નિકળે છે જેથી અવાવરૂ જેવી સ્થિતિ સર્જાય છે જેના કારણે ઝેરી સરિસૃપોનું જોખમ પણ વધે છે.

સેકટર-૪-સીમાં 'ખ' રોડ નજીક આવેલ માનવસર્જિત ખાડાને પુરી દેવા છેલ્લા કેટલાય સમયથી વસાહતીઓની માંગ છે. દર વર્ષે ચોમાસામાં અહીં પાણીનો ભરાવો થવાથી નાનકડા તળાવ જેવી પરિસ્થિતિ સર્જાય છે. જેના કારણે આ વિસ્તારમાં માખી-મચ્છર સહિત રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી જાય છે. આ જીવજંતુઓ તથા જીવાણુઓના કારણે આસપાસના વિસ્તારમાં નજીકમાં જ રહેતા વસાહતીઓના આરોગ્ય માટે ખતરો પેદા થાય છે. વળી, ઉનાળાના સમયમાં અહીં ખાડો સુકાઈ જતો હોવાથી આ વિસ્તારમાં રમતાં બાળકો કુતુહલવશ એ તરફ જાય તો તેમાં પડી જવાનું જોખમ રહે છે. આ કારણે બાળકો રમતા હોય ત્યારે આ વિસ્તારના વાલીઓના જીવ તાળવે ચોંટેલા રહે છે. ખાડો ઊંડો હોવાથી બાળકો તેમાં પડી જાય તો ઈજા થઈ શકે તેમ છે.

હવે જયારે ચોમાસાની આગમનની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે આ ખાડાનું પુરાણ સત્વરે કરાય તેવી માંગ આ વિસ્તારના રહીશોમાં ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● દંઢાવ્ય મોચી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ સે-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજાશે.

● સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે સવારે ૯.૦૦ કલાકે કોંગ્રેસ કાર્યાલય સે-૨૨ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ ઘ-૫ સર્કલ ખાતે છાશ વિતરણ કરવામાં આવશે.

## વાતવાતમાં

● શહેરના સે-૭ અને ૮ સહિત કેટલાક વિસ્તારમાં ફરી એકવાર પાણીનો ફોર્સ ઘટી જવાની ફરિયાદ ઉઠવા પામી છે. ઉનાળાની મૌસમમાં પાણીનો ફોર્સ ઘટી જવાને કારણે વસાહતીઓની હાલત કફોડી થવા પામી રહી છે.

● સોમવારથી મહાત્મા મંદિરે પ્રારંભ થઈ રહેલ આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમમાં વડાપ્રધાન સહિત દેશ વિદેશના મહેમાનો પધારવાના છે. આ કારણે શહેરની સિવિલ હોસ્પિટલમાં આકસ્મિક સંજોગોને પહોંચી વળવા આગોતરી તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

● દહેગામની એક પરિણિતાને તેના પતિએ ગડદાપાટુનો માર મારી બળજબરી ઝેરી દવા પીવડાવી દીધી હોવાની ફરિયાદ સાથે પતિએ જાતે દવા પીધી હોવાનું પતિએ જુઠાણું ફેલાવ્યાનો આક્ષેપ પરિણિતાએ કર્યો છે. દવા પી જવાને કારણે પરિણિતાને વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે.

## સે-૨૨માં ટોપ એજયુકેશન ખાતે કાનૂની શિબિર યોજાઈ

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે નામદાર સુપ્રિમ કોર્ટ નેશનલ લીગલ સર્વિસીઝની સ્કીમ-ચાઈલ્ડ, ફ્રેન્ડલી સ્કીમ ૨૦૧૫ અંતર્ગત કાનૂની શિબિરનું આયોજન પ્રખ્યાત પ્રાઈવેટ કલાસીસ ટોપ એજયુકેશન કન્સલટન્ટ પ્રા.લી. સે-૨૨ સંસ્થામાં વિદ્યાર્થી કાયદાકીય જ્ઞાન સમજ તેમજ વ્યવસ્થિત માર્ગદર્શન મળી રહે તેવા હેતુસર કરવામાં આવ્યું હતું. પેરાલીગલ વૉલન્ટીર સુધીર દેસાઈએ રાઈટ ટુ એજયુકેશન તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧૫ કાયદા અંગે જરૂરી જાણકારી પુરી પાડી હતી. પી.એલ.વી. રાજુભાઈ ગજ્જરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના કર્યો અંગે માહિતી પુરી પાડી હતી.

## સંસ્કાર ગૃપ દ્વારા જૈવિક વિવિધતાની ઉજવણી કરાશે

સંસ્કાર ગૃપ દ્વારા તા. ૨૧-૫-૧૭ને રવિવારના રોજ જૈવિક વિવિધતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આપણી આસપાસ રહેલા જીવ તત્વો પરસ્પર તેનો સંબંધ અને તેને બચાવવા માટેના માનવ થકી ઉપાયો અને તેની જાગૃતિ માટે માનવીની ફરજો. તો ગૃપના દરેક સભ્યોએ સે-૭ના બગીચા ખાતે સાંજે ૬.૩૦ કલાકે હાજર રહેવા સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. પરેશકુમાર નાનાલાલ સોની, ઉ.વ. ૪૩
- સ્વ. સીતાબેન પ્રહલાદભાઈ પટેલ, ઉ.વ. ૭૧
- સ્વ. વિજયસિંહ કિર્તિસિંહ જેઠવા, ઉ.વ. ૫૦
- સ્વ. સોલંકી ભરતભાઈ કાળીદાસ, ઉ.વ. ૪૩